ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ, ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૮૩/૨૦–૨૧/ 1083 તારીખ : 25 MAR 2021

**આર.પી.એ.ડી.**

કેસ નં.૮૩/૨૦–૨૧

પ્રતિ,
**શ્રી ભુપતભાઈ જેરામભાઈ બોઘરા**
**ગવર્નમેન્ટ હોસ્પિટલ ની પાછળ,**
**મું.જેસર, તા.જેસર,**
**જી.ભાવનગર.**
**મો.નં.**

**વિષય : મોટી રકમનું બિલ મળવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૨૭/૦૧/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૮/૦૧/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૩/૨૦–૨૧/૩૯૦ તા.૦૧/૦૨/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૩/૨૦–૨૧/૭૧૫ તા.૨૫/૦૨/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૦/૦૩/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી, ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**
*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **જેસર.**

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ કેઈસ નંબર – ૮૩/૨૦–૨૧ ☜

વાદી :– **શ્રી ભુપતભાઈ જેરામભાઈ બોઘરા**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૧૦/૦૩/૨૦૨૧** ◈

હાજર રહયા :– **શ્રી ભુપતભાઈ જેરામભાઈ બોઘરા (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એસ.બી.વસાણી,નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ભુપતભાઈ જેરામભાઈ બોઘરા, મું.જેસર, તા.જેસર, જી.ભાવનગર ની મોટી રકમનું બિલ મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૮૩/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૩/૨૦–૨૧/૩૯૦ તા.૦૧/૦૨/૨૦૨૧ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૦/૦૩/૨૦૨૧** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી ભુપતભાઈ જેરામભાઈ બોઘરા પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એસ.બી.વસાણી,નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો વાદી શ્રી ભુપતભાઈ જેરામભાઈ બોઘરા, ગવર્નમેન્ટ હોસ્પિટલ ની પાછળ, તા.જેસર, જી.ભાવનગર તા. મહુવા, જી.ભાવનગર પાસે રહેણાંક ધરાવીએ છીએ અને ખેતી કામ કરે છે અને તેમના રહેણાંક ના મકાનમાં વિજ વપરાશ માટે ૦.૫ કે.વી.નું ઘર વપરાશનું વિજ કનેકશન અને જેનો ગ્રાહક નં–૩૭૭૦૧/૫૪૧૬૭/૫ છે. જેનો મીટર નં–પીજી ૨૮૭૯૭૧૭ છે અને જે ૨૦૧૭ માં ફેબ્રુઆરી માં જોડવામાં આવેલ છે.

૧.૨ અમોના અસીલ નાનું કુટુંબ ધરાવે છે. અમોના અસીલ ના ઘરમાં કોઈ હેવી વિજભાર વહન કરે તેવા કોઈ વિજ ઉપકરણ નથી અમોના અસીલ ના ઘરમાં એ.સી., ઘરઘંટી, સબમર્સીબલ મોટર વિગેરે જેવા વિધુત વપરાશના કોઈ સાધન નથી. સામાન્ય રીતે વિજ વપરાશના માત્ર ૫૦ થી ૬૦ યુનિટ વચ્ચે વિજ વપરાશ થાય છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૩ અમોના અસીલ ગ્રામ્ય વિસ્તારમાં રહે છે અને રાત્રિના સમયે જરૂરીયાત મુજબનો જ વપરાશ કરે છે અને અમોના અસીલ આપની કચેરીના મીટર રીડર દ્વારા ઘર વપરાશના મીટરના સ્થળ વપરાશમાં આવી જે રીડીગ મુજબના બિલ આપવામાં આવે છે તે બિલ નિયત સમયના નિયમીત રીતે ભરપાઈ કરે છે. જે હકીકત પણ આપની કચેરી ના રેકર્ડ માં છે.

૧.૪ અમોના અસીલ જુલાઈ–ઓગષ્ટ–૨૦૨૦ જે આપના અધિકૃત મીટર રીડર દ્વારા આપવામાં આવેલ છે. જે બિલમાં ૧૪૫ યુનિટ દર્શાવેલ છે અને જે બિલની રકમ રૂા.૧૬૪૯/– રસીદ નં–૮૪૯૧૬૪ થી ઓગષ્ટ–૨૦૨૦ માં ભરપાઈ કરેલ છે.ત્યારબાદ, અમારા અસીલને માહે સપ્ટે–ઓકટો–૨૦૨૦ માં ૧૨૫૦૬ યુનિટ નું રૂા.૮૮૩૫૫/– બિલ આપવામાં આવેલ છે અને સદર બિલના અન્વયે, અમારા અસીલે આપની કચેરીમાં જાણ કરતા, આપની કચેરીએ અમોના અસીલ ના ઘરેથી કોઈપણ પ્રકારની ચેકીગ શીટ બનાવ્યા વિના સદર મીટર ટેસ્ટીગ કરવા માટે ડિવિઝન ઓફીસ, મહુવા સમક્ષ તા.૧૮/૧૨/૨૦૨૦ ના રોજ પ્રફોર્મા નં–૯૫૦૩ તા.૧૭/૧૨/૨૦૨૦ અને પડીકા નં–૯૦૪ વાળું મીટર એમ.એમ.બી સીલ સાથે પેપર પેક કરી, ચકાસણી માટે લઈ જવામાં આવેલું અને તે મીટર ની ચકાસણી કરતા, સદર મીટર ના એમ.એમ.બી.સીલ, મીટર ટર્મીનલ બ્લોક, બોડી સીલ, વિગેરેની ચકાસણી માં મીટર તથા સીલ બરાબરછે, તેવી હકીકત જણાવવામાં આવેલ છે.

૧.૫ અમોના અસીલની ઉપરોકત હકીકત જોતાં, આપશ્રી ને સ્પષ્ટ જણાશે કે, અમોના અસીલને આપેલ વિજ જોડાણ વાળું મીટર કે જે ડીજીટલ મીટર છે તે, કોઈપણ કારણસર આટલું મોટું રીડીગ બતાવી રહેલ છે અને અમારા અસીલના વિજ કનેકશન ના વપરાશ જોતાં, આટલા યુનિટ નું કોઈપણ સંજોગોમાં વપરાશ થઈ શકે નહી, જે હકીકત પણ સારી રીતે સમજી શકો છો.

૧.૬ અમારા અસીલને આપવામાં આવેલ ૧૨૫૦૬ યુનિટ નું બિલ રકમ રૂા.૮૭૩૭૯/– રદ કરવું અને વિજ કનેકશન ફરી જોડી આપવા નમ્ર અરજ છે.

૧.૭ આપ નાયબ ઈજનેરશ્રી પીજીવીસીએલ,જેસર ને આ નોટીસ મળ્યેથી, દિવસ–૧૫ પૂરા થયા સુધીમાં આ રીકવેસ્ટ નોટીસમાં જણાવવામાં આવેલ વર્તન આપ કરશો, તેવી અમોના અસીલને અપેક્ષા છે. જો તેમ કરવામાં કસૂર કરશો તો, અમોના રીકવેસ્ટ નોટીસમાં જણાવવામાં આવેલ સમય મર્યાદા પૂર્ણ થયેથી, અમોના અસીલ આપની કચેરી વિરૂધ્ધ બંધારણીય જોગવાઈ મુજબ સ્પેશીયલ એપ્લીકેશન નામ.ગુજરાત હાઈકોર્ટ માં દાખલ કરી જરૂરી દાદ મેળવશે. જેની નોંધ લેશો અને જેનાથી થનાર તમામ પ્રકારનો ખર્ચ પણ આપના શીરે રહેશે. જેની પણ નોંધ લેશો.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>

૨.૧ ગ્રાહકનું નામ – શ્રી ભુપતભાઈ જેરામભાઈ બોઘરા

૨.૨ ગ્રાહક નં – ૩૭૭૦૧/૫૪૧૬૭/૫

૨.૩ કેટેગરી– RGPR O.5 HP

૨.૪ રીલીઝ તારીખ – ૨૮/૨/૨૦૧૭

૨.૫ વાદી શ્રી ભુપતભાઈ જેરામભાઈ બોઘરા, તા.મહુવા, જી.ભાવનગર પાસે રહેણાંક હેતુ માટેનું વિજ કનેકશન ધરાવે છે. જેનો ગ્રાહક નં–૩૭૭૦૧/૫૪૧૬૭/૫ છે.

૨.૬ વાદીનું વિજ કનેકશન નું વર્ષ વાઈઝ એવરેજ કન્ઝમ્પશન નીચે મુજબ છે. આ સાથે ૮૮૪ પીઆરટી કન્ઝમ્પશન હિસ્ટ્રી સામેલ છે.

| વર્ષ | એવરેજ કન્ઝમ્પશન |
|---|---|
| ૨૦૧૭ | ૪૩ |
| ૨૦૧૮ | ૪૪ |
| ૨૦૧૯ | ૪૭ |
| ૨૦૨૦ | ૨૩૫૬ |

૨.૭ પ્રગતિ ફાઉન્ડેશન આઉટ સોર્સીંગ એજન્સી દ્વારા વાદીનું સદર ઘર વપરાશ વિજ કનેકશન નું મીટર રીડીગ કરવામાં આવેલ છે અને તેમના મીટર રીડીગ દ્વારા ૪૦, ૫૦ યુનિટ ના બિલ આપવામાં આવેલ હતા અને તે મુજબ વાદી દ્વારા બિલ ભરવામાં આવેલ છે. કનેકશન માહિતી આ સાથે સામેલ છે.

૨.૮ પ્રગતિ ફાઉન્ડેશન આઉટ સોર્સીંગ એજન્સી દ્વારા વાદીનું સદર ઘર વપરાશ વિજ કનેકશન નું માહે જુલાઈ–ઓગષ્ટ બિલ્ડ ઈન સપ્ટેમ્બર નું ૧૨૭૦ યુનિટ નું તા.૨૬/૮/૨૦૨૦ ના રોજ બિલ આપવામાં આવેલ.

૨.૯ ત્યારબાદ, જેસર સબ ડિવિઝન માં મીટર રીડીગ આઉટ સોર્સીંગ એજન્સી બદલતા, નવા આઉટ સોર્સીંગ મીટર રીડર દ્વારા માહે સપ્ટે–ઓકટો બિલ્ડ ઈન નવે–૨૦૨૦ નું તા.૨૬/૧૦/૨૦૨૦ ના રોજ રીડીંગ લેતાં,૧૨૫૦૬ KWH હતા.

૨.૧૦ જે મુજબ યુનિટ નો તફાવત ૧૧૨૩૬ યુનિટ નું રૂા.૮૮૩૫૫/૭૭ નું બિલ બનાવેલ. આમ, વાદીના ઘરવપરાશ ના સદર વિજ કનેકશનમાં યુનિટ પેન્ડીગ નીકળેલ છે. સદર પેન્ડીગ યુનિટ બાબતે પ્રગતિ ફાઉન્ડેશન એજન્સી ના મીટર રીડર જયેશભાઈ આર.બામણાને પૂછતાં તેઓ દ્વારા જણાવેલ છે કે, વાદીશ્રી ભુપતભાઈ જેરામભાઈ બોઘરા દ્વારા તેઓને ઓછા રીડીગ નું બિલ આપવા ફરજ પાડતા હતા જે હકીકત સત્ય છે, તેવું તેમના દ્વારા લેખિત માં જેસર સબ ડિવિઝન ને જાણ કરેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે.

૨.૧૧ હાલમાં સદર પ્રગતિ ફાઉન્ડેશન આઉટ સોર્સીંગ એજન્સી દ્વારા જેસર સબ ડિવિઝન માં મીટર રીડીગની કામગીરી કરવામાં આવતી નથી.

૨.૧૨ વાદીનું સદર ઘરવપરાશનું વિજ બિલ બાકી હોવાથી તા.૧૭/૧૨/૨૦૨૦ ના રોજ સદર કનેકશન ઉતારી લીધેલ છે. જેનો સી.આર.નં–૧૯૦૨ છે. પ્રફોર્મા–૧૫ નં–૯૫૦૩ થી વાદીને સદર મીટર મહુવા લેબમાં ચકાસણી માટે તા.૨૧/૧૨/૨૦૨૦, તા.૨૮/૧૨/૨૦૨૦ તથા તા.૪/૧/૨૦૨૧ આપેલ હતી. કોપી આ સાથે સામેલ છે.

૨.૧૩ વાદીનું મીટર મહુવા લેબમાં ગ્રાહકની હાજરીમાં તા.૧૮/૧૨/૨૦૨૦ ના રોજ ચકાસણી કરતાં, લેબ પ્રફોર્મા નં– ૯૫૨૬ મુજબ મીટર લેબમાં OK નીકળેલ છે. સદર મીટર નો MRI રીપોર્ટ સામેલ છે. તેમજ નીચે સહી કરનાર અધિકારી દ્વારા સદર સ્થળ નું રોજકામ કરવા ગયેલ ત્યારે, વાદી દ્વારા તેમને સદર સ્થળ પર કેટલો વપરાશ થાય છે તેનું રોજકામ કરવા દીધેલ નહી અને ના પાડેલ છે. જે અંગેનું રોજકામ આ સાથે સામેલ છે.

૨.૧૪ વાદીએ તેમના વકીલ દ્વારા રીકવેસ્ટ નોટીસ તા.૨૭/૧/૨૦૨૧ થી ફોરમને આપેલ. જેના અનુસંધાને પીજીવીસીએલ ના પેનલ એડવોકેટ દ્વારા સદર રીકવેસ્ટ નોટીસ નો જવાબ તા.૧૩/૨/૨૦૨૧ ના રોજ આપવામાં આવેલ છે.જે આ સાથે સામેલ છે.

૨.૧૫ આમ, વાદીને સદર ઘરવપરાશના વિજ બિલ ના બાકી લેણાં ભરવાપાત્ર છે.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર શ્રી ભુપતભાઈ જેરામભાઈ બોઘરા, ગામ–જેસરમાં ઘર વપરાશનું સીંગલ ફેઈઝ જોડાણ ગ્રાહક નં–૩૭૭૦૧/૫૪૧૬૭/૫ થી ધરાવે છે. વાદીની ફોરમને રજૂઆત છે કે, તેઓની સામાન્ય વિજ વપરાશ ૫૦ થી ૬૦ યુનિટ ની છે. જેની સામે પ્રતિવાદીએ તેઓને આપવામાં આવેલ સપ્ટે–ઓકટો માસના બિલ માં ૧૨૫૦૬ યુનિટ ની વિજ વપરાશનું બિલ રૂા.૮૮૩૫૫/– ની રકમનું આપેલ છે.

૩.૨ પ્રતિવાદી દ્વારા વિજ ગ્રાહકોના વિજ બિલ બનાવવા માટે આઉટ સોર્સીંગ કરાવવામાં આવતું. જેમાં, પ્રતિવાદીના જણાવ્યા મુજબ આઉટ સોર્સીંગ ના મીટર રીડરે વાદી ઓછા વિજ વપરાશ નું બિલ બનાવવાની ફરજ પાડતા હતા. જેથી વાદીની વિજ વપરાશ ના બિલ એવરેજ ૪૦–૪૫ યુનિટના બનતા. ત્યારબાદ, આઉટ સોર્સીંગ એજન્સી બદલાતાં, નવી એજન્સી આવતા નવા મીટર રીડર દ્વારા સપ્ટે–ઓકટો–૨૦૨૦ નું તા.૨૬/૧૦/૨૦૨૦ ના રોજ વાદીના વિજસ્થાપન પરના મીટરમાં મીટર રીડીંગ ૧૨૫૦૬ માલૂમ પડેલ. જયારે,તા.૨૬/૮/૨૦૨૦ ના રોજ નોંધાયેલ જુના રીડીંગ ૧૨૭૦ હતા. આથી, વાદીને ૧૨૫૦૬–૧૨૭૦ = ૧૧૨૩૬ યુનિટ ના વિજ વપરાશ નું વિજ બિલ આપવામાં આવેલ.

૩.૩ પ્રતિવાદી એ વાદીના ઘરમાં જોડેલ વિજ સ્થાપન પરના લોડ અંગે તા.૬/૩/૨૦૨૧ ના રોજ રોજકામ કરેલ. તે મુજબ વાદીના વિજ સ્થાપન માં ૪–પંખા, ૨–ટયુબલાઈટ, ૪– LED બલ્બ, ૨–નંગ ફ્રીઝ, ૧–વલોણું, પાણીની મોટર–૧, પાણીનું કુલર–૧ અને ૧૦૦ વોટ નો લેમ્પ જોડેલ હતા.
વિજ સ્થાપન પર જોડેલ લોડ લેતા સમયે વાદીએ પ્રતિવાદી સાથે તકરાર કરતા પૂરેપૂરા જોડેલ લોડની ગણતરી કરવા દીધેલ નહી. જેથી, ખરેખર વાદીના વિજ સ્થાપન પર કેટલો લોડ છે તે જાણી શકાયેલ નહી.

૩.૪ પ્રતિવાદી તા.૧૭/૧૨/૨૦૨૦ ના રોજ વાદીની વિજ બિલ ની રકમ બાકી હોવાથી વિજ મીટર ઉતારી કનેકશન કાપી નાંખેલ તે સમયે વિજ સ્થાપન પરના મીટર ના રીડીંગ ૧૩૦૨૩ નોંધવામાં આવેલ. તેમજ આ મીટર ને તા.૧૮/૧૨/૨૦૨૦ ના રોજ મીટર ટેસ્ટીંગ લેબમાં ગ્રાહકની હાજરીમાં મીટર ચકાસણી કરતા મીટરની એકયુરસી બરાબર માલૂમ પડેલ.

૩.૫ પ્રતિવાદીએ તા.૧૮/૧૨/૨૦૨૦ ના રોજ વાદીના મીટર નં–૦૨૮૭૯૭૧૭ નો હીસ્ટ્રી ડેટા રીપોર્ટ ડાઉનલોડ કરેલ છે. જે ફોરમને રજૂ કરેલ છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૩.૬ પ્રતિવાદીએ વાદીના મીટર રીડીગ ની બીલ ડેટ, રીડીગ તેમજ MRI ડેટા પરથી તારીખ અને MRI ડેટા માં નોંધાયેલ રીડીગ નું સ્ટેટમેન્ટ રજૂ કરેલ છે. જે નીચે મુજબ છે.

| Sr. No. | Bill Date | Reading as per PRT | Date as per MRI History | Reading as per MRI |
|---|---|---|---|---|
| 1 | | | 01.02.2020 | 9332.65 |
| 2 | 17.02.2020 | 948 | 01.03.2020 | 9569.08 |
| 3 | | | 01.04.2020 | 9886.88 |
| 4 | 27.04.2020 | 948 (N Status) | 01.05.2020 | 10234.03 |
| 5 | | | 01.06.2020 | 10648.54 |
| 6 | 09.07.2020 | 1125 | 01.07.2020 | 10797.67 |
| 7 | | | 01.08.2020 | 11385.96 |
| 8 | 26.08.2020 | 1270 | 01.09.2020 | 11779.89 |
| 9 | | | 01.10.2020 | 12179.16 |
| 10 | 26.10.2020 | 12506 | 01.11.2020 | 12564.75 |
| 11 | | | 01.12.2020 | 12904.63 |
| 12 | 01.01.2021 | 12506 (Meter Removed) | 01.01.2021 | 13032.14 |

૩.૭ MRI Data અને તે દિવસ ના રીડીગ સાથે પ્રતિવાદીના મીટર રીડરે લીધેલ બિલ તારીખ અને રીડીગ ની સરખામણી કરતા એવું જોવા મળે છે કે, પ્રતિવાદીના મીટર રીડરે મીટરના ખરેખર સાચા રીડીગ જે તે સમયે વિજ બિલ માં નોંધેલ નથી. જેને કારણે, તા.૨૬/૧૦/૨૦૨૦ ના રોજ સ્થળ પર મીટર રીડીગ ૧૨૫૦૬ જોવા મળેલ. જે MRI Data સાથે મેચ થાય છે. આમ, પ્રતિવાદીએ વાદીને આપેલ ૧૧૨૩૬ યુનિટ ની વિજ વપરાશ નું બિલ રકમ રૂા.૮૮,૩૫૫/– થાય છે. તે વાદીએ ભરવાપાત્ર છે. પ્રતિવાદી તે વસુલવા હકકદાર છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

## -:: હુકમ ::-

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી તારણ નં." ૩.૭ " મુજબ હુકમ કરવામાં આવે છે.

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મેહતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(પી.એન.આજકીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :- ૧૦/૦૩/૨૦૨૧.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.